નવી બાબત: ૨૦૨૨-૨૩

સગર્ભા માતાઓ અને જન્મથી ૨ વર્ષ સુધીના બાળકની માતાઓને "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" નો લાભ આપવા બાબત

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૨૨/૦૦૫૩/બ

તા.૧૫/૦૬/૨૦૨૨

**આમુખ:**

તંદુરસ્ત માતા જ તંદુરસ્ત બાળકને જન્મ આપે છે. કોઇપણ રાજ્ય કે દેશના વિકાસ માટે રાજ્યનું માનવધન વિકસિત હોવુ ખુબ જરૂરી છે. સંકલિત બાળ વિકાસ યોજનાનો મુખ્ય હેતુ માતા અને બાળકના પોષણ સ્તરમાં સુધાર લાવવાનો છે. ગર્ભમાં રહેલ બાળકના ૨૭૦ દિવસ અને જન્મથી ૨ વર્ષ સુધીના ૭૩૦ દિવસ પોષણ અને વિકાસની દૃષ્ટિએ ખૂબ જ અગત્યના હોય છે. આ ૧૦૦૦ દિવસના સમયગાળાને બાળકને પુરતુ પોષણ આપી તેનો વિકાસ સુનિશ્ચિત કરવા માટે "First Window of Opportunity" તરીકે ઓળખાય છે. આ તબક્કા દરમ્યાન માતા તેમજ બાળકના આહારમાં અન્ન સાથે પ્રોટીન, ફેટ તેમજ સુક્ષ્મ પોષકતત્વો પણ ઉપલબ્ધ થાય તે ખુબ જ અગત્યનું છે. આ બાબતની અગત્યતાને ધ્યાને લઇ સરકાર દ્વારા આ ૧૦૦૦ દિવસમાં સગર્ભા મહિલા અને માતાઓના પોષણ માટે "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" માટે અમલમાં મુકવાનું નક્કી કરેલ છે. આ યોજનાના અમલીકરણ માટે સરકાર નીચે મુજબ ઠરાવે છે.

## //ઠરાવ//

1. આ યોજનાનું નામ "મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" રહેશે.
2. આ યોજના હેઠળ લાભાર્થીઓને પ્રતિ માસ પ્રતિ લાભાર્થી ૨ કિલો ચણા, ૧ કિલો તુવેરદાળ અને ૧ લિટર ખાદ્યતેલ આપવામાં આવશે.
3. લાભાર્થીઓને આ કિટનું વિતરણ આંગણવાડી કેન્દ્ર ઉપરથી આંગણવાડી કાર્યકર/તેડાગર બહેનોએ લાભાર્થીને OTP કે સમાન પ્રકારના અન્ય માધ્યમ મારફત કરવાનું રહેશે.
4. આ યોજનાનું અમલીકરણ તા.૦૧/૦૬/૨૦૨૨થી કરવામાં આવશે.

5. <u>લક્ષિત લાભાર્થી :</u>

(i) <u>સગર્ભા મહિલાઓ</u>: પ્રથમ વખત સગર્ભાવસ્થાની નોંધણીથી સંભવિત પ્રસૂતિની તારીખ સુધી.

**(ii)** <u>માતાઓ</u>: પ્રથમ બાળકના જન્મથી ૨ વર્ષ સુધી.

6. <u>લાભાર્થીની લાયકાત :</u>

(i) લાભાર્થી આધારકાર્ડ ધરાવતી હોવી જોઇએ અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના Techo સોફ્ટવેરમાં નોંધણી થયેલ હોવી જોઇએ.

7. <u>લાભાર્થીની નોંધણી :</u>

(i) લાભાર્થીએ આઇસીડીએસ યોજના અંતર્ગત આંગણવાડી કેન્દ્રમાં નોંધણી કરાવવાની રહેશે તથા આંગણવાડી સેવાઓનો લાભ લેવાનો રહેશે.

(ii) આરોગ્ય વિભાગના સોફ્ટવેર (ટેકો) માં સગર્ભા મહિલા અને જન્મથી બે વર્ષ સુધીના બાળકની માતાની નોંધણી કરવાની રહેશે.

8. <u>અમલીકરણ</u>

યોજનાની અમલવારી મહિલા અને બાળ વિકાસ વિભાગ મારફત થશે. આ માટે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના Techo સિસ્ટમ મારફત લાભાર્થીની ઓળખ થશે. અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ મારફત નિયમિત પોષણકિટનો જથ્થો ખરીદી મહિલા અને બાળ વિકાસ વિભાગને પુરો પાડવામાં આવશે. યોજનાનું સમગ્ર અમલીકરણ ડિજીટલ માધ્યમથી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા N.I.C.ની મદદથી કરવામાં આવશે. યોજનાના અમલીકરણમાં વિભાગોની ભુમિકા અને જવાબદારી બાબતે સંયુક્ત રીતે વિગતવાર SOP તૈયાર કરી સક્ષમ કક્ષાએથી મંજુર કરાવવાની રહેશે.

9. <u>સમયગાળો:</u>

યોજનાનું અમલીકરણ સમગ્ર રાજ્યમાં પાંચ વર્ષ માટે કરવામાં આવશે. ત્યારબાદ યોજનાની સક્ષમ કક્ષાએથી સમીક્ષા કરી આગળનો નિર્ણય કરવામાં આવશે.

10. <u>ખર્ચની વિગત:</u>

"મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના" માટે વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં રૂપિયા ૮૧૧૦૦.૦૦/- લાખની જોગવાઈમાં યોજનાકીય ખર્ચ ઉપરાંત ખર્ચના ૩%ની મર્યાદામાં વહિવટી ખર્ચ કરવાની આથી નીચેના બજેટ સદરે મંજુરી આપવામાં આવે છે:

માંગણી નંબર: ૧૦૬
મુખ્ય સદર: ૨૨૩૬ પોષણ
પેટા મુખ્ય સદર: ૦૨
ગૌણ સદર: ૧૦૧
પેટા સદર: ૦૩ (NTR ૦૨ દુધ સંજીવની યોજના, ફોર્ટીફાઇડ સોલ્ટ, સુપોષણ સંવાદ (૧૦૦% રાજ્ય ફાળો)

**11. યોજના માટે કરેલ જોગવાઇ નો ખર્ચ નીચેની શરતોને આધીન કરવાનો રહેશે.**

(i) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઇને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(ii) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(iii) આ અંગેનુ ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/ પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(iv) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિદ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(v) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(vi) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(vii) પ્રવર્તમાન યોજનાના ધોરણો અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાનો રહેશે.

(viii) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજય સરકારની પ્રવર્તમાન ખરીદ નીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(ix) આ કામના ટેન્ડર પ્રોસેસિંગમાં સરકારના ઉધોગ અને ખાણ વિભાગના તા. ૨૨/૧૧/૨૦૦૯ ના ઠરાવ ક્ર: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ માં ઇ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સુચનાઓનું તથા તે અંગેની વખતો-વખતની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(x) આ મંજૂરી અન્વયે જો કોઇપણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(xi) યોજનામાં કરેલ તમામ જોગવાઈ યોજના અમલમાં રહેશે ત્યાં સુધી અમલમાં રહેશે.

(xii) આ યોજનાની અમલીકરણ માટે વહીવટી અને બીજી સૂચનાઓ વિભાગ દ્વારા યોગ્ય કક્ષાએ મંજૂરી લઈ અલાયદી રીતે જાહેર કરવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૧૩/૦૬/૨૦૨૨ ની તથા નાણા વિભાગની તા: ૧૦/૦૬/૨૦૨૨ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. જી. રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સચિવાલય, ગાંધીનગર
2. માન. મંત્રીશ્રી, નાણાં વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
3. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
4. મુખ્ય સચિવશ્રીના સંયુક્ત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
5. અધિક મુખ્ય સચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
6. અગ્રસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
7. સચિવશ્રી (ખર્ચ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
8. સચિવશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબતોનો વિભાગ, સચિવાલય, ગાંધીનગર

9. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
10. કમિશ્નરશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ, ડો. જીવરાજ મેહ્તા ભવન, ગાંધીનગર
11. મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત રાજ્ય અન્ન અને નાગરીક પુરવઠા નિગમ લી., સચિવાલય, ગાંધીનગર
12. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ડો. જીવરાજ મેહ્તા ભવન, ગાંધીનગર
13. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ જીવરાજ મહેતા ભવન ગાંધીનગર
14. નિયામકશ્રી (આઈ.ટી. અને ઈ-ગવર્નન્સ), બ્લોક નં.૨, બીજો માળ, સી અને ડી વિંગ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
15. ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ, N.I.C., સચિવાલય, ગાંધીનગર.
16. સર્વે કલેકટરશ્રી, કલેકટર કચેરી, જિ. - ..........................
17. સર્વે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કોર્પોરેશન...................
18. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ. .....................
19. સર્વે નાયબ નિયામક, વિભાગીય કચેરી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ
20. પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ
21. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
22. સર્વે અન્ન અને નાગરીક પુરવઠા નિયંત્રકશ્રી, જિ. ....................
23. સર્વે પુરવઠા અધિકારીશ્રી, જિ...................
24. સર્વે પ્રોગ્રામ ઓફીસરશ્રી, જિ........................
25. સર્વે પ્રાંત અધિકારીશ્રી, જિ..........................
26. જિલ્લા એન.આઇ.સી સેલ
27. શાખા સિલેક્ટ ફાઈલ.